# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૫/ક્વા-૧/૨૦૨૧-૨૨/૨૦૩ તા.૦૮.૦૯.૨૦૨૧

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૦૫/ક્વા-૧/૨૦૨૧-૨૨**

અરજદાર: શ્રી ભરતભાઈ કરશનદાસ પંચમતિયા ગામ – જામનગર

સબડીવીઝન: સાતરસ્તા

### :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી જામનગર શહેર-૧

### :: કોરમ ::

૧) ચેરપર્સન : શ્રી બી.પી.બુચ

૨) મેમ્બર સ્વતંત્ર : શ્રી એન.એસ.પંડયા

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જામનગર

તારીખ: ગુરુવાર (૧૨.૦૮.૨૦૨૧)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૨.૦૮.૨૦૨૧ (ગુરુવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

### :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે,વંદેમાતરમ સાથ જણાવવાનું કે હું ઉપરોક્ત ગ્રાહક નંબર થી પી.જી.વી.સી.એલ. નો કાયમી ગ્રાહક છું મને આપવામાં આવતાં તમામ લાઈટ મારા વપરાશના બિલો હું નિયમીત ભરપાઈ કરી આપું છું તે આપશ્રીના રેકર્ડ આપશ્રી જોઈ શકો છો.સાહેબ, આ ઉપરોક્ત ગ્રાહક નંબરવાળા વિજજોડાણ વાળું મારૂ મકાન છેલ્લા વર્ષ થયા બંધ હતું જેથી આપના ખાતાના કર્મચારી દ્વારા મકાન બંધ હોય આ વિજજોડાણને કાપી નાખવામાં આવેલ હું આ મકાને જતાં મને ખબર પડેલ કે પાવર સપ્લાય કપાયેલ છે જેથી મે આ વિજજોડાણનું રિ-કનેકશન તા.

૦૨/૦૧/૨૦૨૦ ના રોજ કરાવેલ.ત્યારબાદ પણ અમો આ મકાનનો ઉપયોગ કરતા ન હતા તે પણ આપશ્રીના રેકર્ડ ઉપર છે તે અંગેનું આપના ખાતાનું ૧૪૫ પી.આર.ટી. આ સાથે રજુ છે તે આપશ્રી જોઈ શકો છો. અને તેના ઉપરથી પણ નક્કી કરી શકો છો કે આ વિજજોડાણના રિ-કનેક્શન પછી પણ આ મકાનનો ઉપયોગ કરતા ન હતા અને આ ગ્રાહક નંબરવાળા વિજજોડાણમાં એમોએ એડવાન્સમાં રૂ.૫૦૦૦/- ભરી આપેલ હતા તે પણ આપશ્રી જોઈ શકો છો સાહેબ આ મકાન મે મારા રિલેટીવને તા.૧૬/૧૨/૨૦૨૦ ના રોજ વાપરવા માટે આપેલ છે હાલનું આ મિટરનું બિલ આપવામાં આવતાં તે બિલ ૫૩૬૦ યુનિટનું આપવામાં આવેલ એટલે કે તા.૧૬/૧૨/૨૦૨૦ થી માર્ચ-૨૦૨૧ (સાડા ત્રણ) માસનું બિલ ૫૩૬૦ યુનિટનું આપવામાં આવેલ છે તે કઈ રીતે શક્ય છે.? જેથી અમો ઓફિસે સાહેબને મળતા તેઓએ ફાસ્ટ મિટરનો ચાર્જ ભરવાનું જણાવેલ જે એમોએ તા.૦૮/૦૩/૨૦૨૧ ના રોજ રિસીપ્ટ નંબર ૭૬૦૫૦૦ થી ભરપાઈ કરી આપેલ છે તે પણ આપશ્રી જોઈ શકો છો ત્યારબાદ આપના ખાતા દ્વારા આ મિટર તા.૧૦/૦૩/૨૦૨૧ ના રોજ બદલવામાં આવેલ ત્યારે આ મકાનમાં લગાડેલા લોડની વિગત પ્રફોર્મા-૧૫ માં ભરવામાં આવી છે તેમાં નીચે મુજબનો લોડ લખવામાં આવેલ છે.

તા. ૧૦/૦૩/૨૦૨૧ ના મિટર બદલતી વખતે પ્રફોર્મા-૧૫ માં દર્શાવેલ વિગત.

| | | |
|---|---|---|
| Tube Lights | 3 x 40 | 120 Watt |
| Ceiling Fans | 3 x 60 | 180 Watt |
| CFL(Bulb) | 2 x 9 | 180 Watt |
| Motor | 1-1 x 375 | 375 Watt |
| **Total 693 Watt** | | |

સાહેબ આમ આ મકાનમાં કુલ લોડ ૬૯૩ વોટ લગાડેલ છે જે આપશ્રીના કર્મચારી દ્વારા લખવામાં આવેલ છે આપ તેના ઉપરથી પણ નક્કી કરી શકો છો કે ૬૯૩ વોટનો ઉપયોગ સાડા ત્રણ માસ કરવામાં આવે તો ૫૩૬૦ યુનિટનો થાય ?

સાહેબ આ મિટરના એમ.આર.આઈ. પણ લીધેલ છે તેની વિગત નીચે મુજબ છે.

| History Number | Kwh | MD-Kwh with date and time |
|---|---|---|
| $12^{th}$ | 5134.57 | 4.56 – 01/03/2020, 03.30 |

સાહેબ આ ઉપર મુજબના આપના MRI રિપોર્ટમાં તા.૦૧/૦૩/૨૦૨૦ ના રોજ ૫૧૩૪.૫૭ યુનિટ દર્શાવેલ છે તે આપશ્રી જોઈ શકો છો સાહેબ આ મિટર તા.૦૨/૦૧/૨૦૨૦ ના રોજ લગાડવામાં આવેલ છે તે આપશ્રીના પ્રફોર્મા-૧૫ માં લખેલ છે. તેની કોપી આ સાથે રજુ છે તેમાં રિડીંગના ખાનામાં ૦૦૦૦ અને તેની બાજુમાં (૫૩૪૬.૯૬) એમ બે રિડીંગ લખેલ છે તેમાથી ૫૩૪૬.૯૬ ઉપર પેનથી લીટી મારવામાં આવેલ છે સાહેબ જો આ મિટર તા.૦૨/૦૧/૨૦૨૦ ના રોજ ૦૦૦૦ યુનિટથી મુકવામાં આવેલ હોય તો ત્યાર પછી આપના MRI રિપોર્ટની હિસ્ટ્રી 12 th માં દર્શાવેલા ૫૧૩૪.૫૭ યુનિટ પણ કેવી રીતે આવે તેના ઉપરથી પણ સ્પસ્ટ થાય છે કે આ કહેવાતું ૫૩૬૦ યુનિટનું ખોટું કાયદા તેમજ કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનું બિલ આપવામાં આવેલ છે. સાહેબ બીજું એ કે

જ્યારે મે આ મકાન મારા રિલેટીવને વાપરવા માટે તા.૧૬/૧૨/૨૦૨૦ ના રોજ આપેલ છે અને ત્યારથી આ વિજજોડાણનો વપરાશ ચાલુ કરવામાં આવેલ છે તે આપશ્રીના MRI History 3 rd માં પણ દર્શાવેલ છે તા.૨૧/૧૨/૨૦૨૦ M .D. 0.98 તે આપશ્રીના MRI રિપોર્ટ પરથી સ્પસ્ટ થાય છે કે મે આ મકાનમાં વિજવપરાશ તા.૧૬/૧૨/૨૦૨૦ થી ચાલુ કરેલ છે. સાહેબ આમ અમારા આ વિજજોડાણમાં કહેવાતા ૫૩૬૦ યુનિટનું જે બિલ આપવામાં આવેલ છે તે આપશ્રીના મિટર બદલતી વખતના પ્રફોર્મા-૧૫ માં દર્શાવેલ વિગત.લોડ તેમજ આપશ્રીના રેકર્ડ 145 PRT અને આપશ્રીના ખાતાં દ્વારા મિટરના MRI રિપોર્ટમાં દર્શાવેલ હિસ્ટ્રીમાં જ સ્પસ્ટ થાય છે કે બિલ કાયદા વિરૂધ્ધ તેમજ કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનું હોય જે રદ્દ કરી એમોએ તા. ૧૬/૧૨/૨૦૨૦ થી વપરાશ ચાલુ કરેલ હોય ૬૯૩ વોટનો વપરાશ કરતાં હોય તે મુજબનું અને તે પહેલાં નવેમ્બર-ડિસેમ્બર-૨૦૧૯ થી ૧૫ ડિસેમ્બર ૨૦૨૦ સુધીનું લોકનું મિનિમમ ચાર્જનું બિલ આપી અમારા જેવા કાયમી અને સારા ગ્રાહકને ન્યાય આપવા વિનંતી. આ ૫૩૬૦ યુનિટનું બિલ આપવામાં આવેલ છે તે અંગે અમારી પાસેથી રૂ.૨૦,૦૦૦/- આપના ખાતા દ્વારા તા. ૦૭/૦૪/૨૦૨૧ ના રોજ ભરવેલ છે તે રકમ પરત આપવા મે.કરશોજી. આ સાથે જરૂરી દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે. આભાર...સહ...આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ ઉપરોક્ત વિષય અનુસંધાને જણાવવાનુ કે ગ્રાહકશ્રીની વિજ બીલ બાબતની રજુઆત અન્વયે સબંધિત પેટા વિભાગીય કચેરી પાસેથી મેળવેલ વિગત અને માહિતી નીચે મુજબ છે. અરજદારનુ નામ/ગામ :શ્રી ભરતભાઇ કરશનદાસ પંચમતીયા ,જામનગર

ગ્રાહક નામ :ગીતાબા લખુભા જાડેજા

ગ્રા.નં-૮૫૬૧૨/૦૩૪૫૨/૦, કેટેગરી – RGPU

કોન્ટ્રાક્ટ લોડ :૧.૫કિ.વો.

કનેકશન તા.૧૦.૦૯.૧૯૯૩

કોન્ટ્રાક્ટ લોડ :૧.૫કિ.વો. કનેકશન તા.૧૦.૦૯.૧૯૯૩

૩.૧ તા.૦૨.૦૧.૨૦૨૦ ના રોજ પ્રફોર્મા-૧૫ નં-૭૮૩૫૩ થી જૂના મીટર નં-૬૬૬૫૨૭ –નવા મીટર નં ૦૪૬૧૯૫૫૫ થી મીટર બદલાવેલ હતું. જેમાં નવા મીટરના શરૂઆતના રીડીંગ ૦૦૦૦૦ થી મૂકવામાં આવેલ હતા. ઉપરોક્ત બદલાવેલ નવા મીટરના મીટર નં ૦૪૬૧૯૫૫૫ જેના લેબ નં AJ ૨૦૧૮ શરૂઆતના રીડીંગ “૦” થી મૂકવામાં આવેલ જેના લેબ રજીસ્ટરની નકલ આ સાથે સામેલ છે. તા.૦૩.૦૧.૨૦૨૦ ના જૂના મીટરનું લેબ ચકાસણી અહેવાલ નં ૯૭૬૨૫ થી લેબ રોજકામ કરવામાં આવેલ જેમાં જૂના મીટરના છેલ્લા રીડીંગ ૨૨૦૪૨.૯ જણાયેલ અને મીટર ok નો રીપોર્ટ આવેલ હતો.

૩.૨ તા.૦૪.૦૩.૨૦૨૧૦ ના જાન્યુ-ફેબ્રુ-૨૧ ના બીલીંગ સમયે (મીટર નં ૦૪૬૧૯૫૫૫) ૦૦૦૦ થી ૫૩૪૪ રીડીંગનુ વપરાશ મુજબનુ ગ્રાહકશ્રીને ૫૩૪૪ યુનિટ નુ બીલ આપવામા આવેલ. તા.૦૮.૦૩.૨૦૨૧ ના રોજ ફાસ્ટ મીટર ચાર્જ ના ૨૫૦ /- રસીદ નં ૭૦૬૫૦૦ થી ભરપાઈ કરતાં મીટર નં

૦૪૬૧૯૫૫૫ ને પ્રફોર્મા-૧૫ નં ૭૪૨૪ તા.૧૦.03.૨૦૨૧ ના રોજ વિવાદિત મીટર બદલવામાં આવેલ. તા.૨૬.03.૨૦૨૧ ના રોજ મીટરનુ લેબરોજકામ શીટ નં ૧૩૭૧ થી કરવામા આવેલ, જેમાં મીટરના છેલ્લા રીડીંગ ૫૩૬૦ જણાયેલ તેમજ મીટરને ટેસ્ટ બેંચ ઉપર ટેસ્ટ લેતા પરીણામ -0.૫૧ % આવેલ તેમજ મીટરને કોમ્પુટર સાથે જોડી MRI લેવામાં આવેલ જે આ સાથે સામેલ છે.

3.3 તા.૧૨.૦૫.૨૦૨૧ ના પત્ર થી અરજદાર શ્રીને રજૂઆત સાંભળવા માટે પેટા વિભાગીય કચેરીએ હાજર રહેવા જણાવેલ. તા. ૧૩.૦૫.૨૦૨૧ થી સ્થળ રોજકામ કરવામાં આવેલ ,જેમાં કુલ લોડ ૧૩૨૮ કીવો જોડાયેલ જણાયેલ છે. તા.૧૭.૦૫.૨૦૨૧ના રોજ ગ્રાહક શ્રી હાજર રહેલ અને રૂબરૂ લેખિત નિવેદન આપેલ છે.

3.૪ આમ વિવાદિત મીટરના એમ આર આઈ રીપોર્ટ નો અભ્યાસ કરતાં હીસ્ટરી-૧૨ મુજબ સદર મીટરનારીડીંગ ૫૧૩૪.૫૭ kwh તથા ૪.૫૬ એમ ડી ,સમય ૩.૩૦,તારીખ ૦૧.૦૩.૨૦૨૦ થી મળેલ છે.પરંતુ સદર મીટર તા.૦૨.૦૧.૨૦૨૦ શરૂઆતના રીડીંગ ૦૦ થી મુકેલ હોય આ સમય ગાળાનું એમ આર આઈ રીપોર્ટ મીટર માથી મળેલ નથી.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે ઉપરોક્ત મુદ્દા નં. ૩.૨ મુજબ પીજીવીસીએલ કંપની દ્વારા અરજદાર શ્રી ને જે યુનિટ નું વીજ બિલ આપવામાં આવેલ છે તે નિયમ મુજબ હોય અને જે અરજદાર શ્રી એ ભરવાપાત્ર છે.

૪.૨ તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.3 આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-૩૦ માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯